Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# વિમલ નિર્ઝર - ભાવસંસ્પર્શ

ભાવાનુવાદ :
નિરંજન ત્રિવેદી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મમ હૃદય પદ્મની
આ શબ્દો છે પાંખડી,
એજ, આપને જાણજો
ભેટ મારી

9-3
Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ

ભાવાનુવાદ :

નિરંજન ત્રિવેદી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ


સંપાદન : સદ્‌ગુણા ત્રિવેદી

ભાવાનુવાદ : સ્વ. નિરંજન ત્રિવેદી

પ્રકાશક : સદ્‌ગુણા ત્રિવેદી

૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૮૬૦૮૮૨

પ્રત : ૫૦૦ ડિસેમ્બર-૨૦૦૫

મૂલ્ય : રૂા. ૨૫-૦૦

મુદ્રણસ્થાન : સૂર્યા ઑફસેટ

આંબલી ગામ, અમદાવાદ-૩૮૦૦૫૮

ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨

પ્રાપ્તિસ્થાન : (૧) 'સંતકૃપા' ૧૦૩, રત્નમ્ ટાવર, પહેલા માળે,
ચીફ જસ્ટીસના બંગલા પાછળ, જજીસ બંગલા રોડ,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

(૨) ૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પાન નંબર |
|---|---|---|
| ૧ | સંપાદકના બે બોલ | ૪ |
| ૨ | આવકાર | ૫ |
| ૩ | વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ | ૭ |
| ૪ | આશક મુજ પ્રેમાળ | ૧૭ |
| ૫ | શૂન્ય તણું સૌંદર્યશૂન્ય તણું સૌંદર્ય | ૧૮ |
| ૬ | અવકાશ સમી રિક્તતા | ૧૯ |
| ૭ | હું છું તારી સંગાથ | ૨૦ |
| ૮ | જીવનનો લય | ૨૧ |
| ૯ | વૈશ્વિક જીવન | ૨૨ |
| ૧૦ | ન કોઈ યુગનો મુજ પર કોઈ હક્ક | ૨૩ |
| ૧૧ | બધુંયે બદલાઈ ગયું | ૨૪ |
| ૧૨ | મુજને તો એ સહેવા દે | ૨૫ |
| ૧૩ | જિંદગીએ મુજ કેરો ઉત્કર્ષ કર્યો | ૨૬ |
| ૧૪ | રસ્તો મારગ વિનાનો | ૨૮ |
| ૧૫ | જીવનઝરણું | ૨૯ |
| ૧૬ | શૂન્યતાનું આચ્છાદન | ૩૦ |
| ૧૭ | બસ થયું-બહુ થયું | ૩૧ |
| ૧૮ | સરહદને પેલે પાર- મુજ સંગ આવશો | ૩૩ |
| ૧૯ | અક્લુષિત પ્રકાશ | ૩૫ |
| ૨૦ | શરમીલું મૌન | ૩૬ |
| ૨૧ | પ્રેમનો સાદ | ૩૭ |
| ૨૨ | મૃત્યુ - મન કેરું મૃત્યુ | ૩૯ |
| ૨૩ | બક્ષિસ | ૪૦ |
| ૨૪ | શબ્દો રહે જ્યાં અધૂરા - મૌનને જીવનનું | ૪૧ |
| ૨૫ | ઘર પ્રતિ | ૪૨ |
| ૨૬ | દ્વન્દ્વોનું ચક્ર | ૪૩ |
| ૨૭ | બાળક-મારી ન કોઈ ઉંમર | ૪૪ |
| ૨૮ | જીવન સરળ છે | ૪૫ |
| ૨૯ | ઘૂઘવાતો હિમાલય | ૪૬ |
| ૩૦ | Titles of 26 Poems | ૪૮ |

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# સંપાદકના બે બોલ

'Friendly Communion' એ પૂજય વિમલા ઠકારના અંગ્રેજીમાં અનુવાદિત થયેલાં કાવ્યોનો સંગ્રહ છે. આ કાવ્યોનું સંકલન-સંપાદન શ્રી કેસર ઈરાનીએ કર્યું છે. આ અનુવાદમાં મરાઠી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઉર્દુ તથા બંગાળી એમ બધી ભાષાના કાવ્યો છે.

આમાં સૌથી પહેલો વિભાગ મૂળ અંગ્રેજીમાં લખેલાં કાવ્યોનો છે. આ અંગ્રેજી કાવ્યોને સન ૧૯૬૪માં પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. તેને ઘણો સમય પસાર થઈ ગયો. પૂ. વિમલા ઠકાર પણ એ કાવ્યોમાં વ્યક્ત થયેલી ભાવનાથી ઘણાં દૂર પહોંચી ગયાં. તેમ છતાં, આ કાવ્યોમાં પૂ. દીદીની વિકાસ પ્રક્રિયાનું પ્રતિબિંબ ઝિલાયું છે. તેમના મનોવિકાસની આખીએ પ્રક્રિયાનું નિદર્શન તેમાં થયેલું છે.

આ કાવ્યોમાં તેમના આત્માનાં ઊડાન અને આધ્યાત્મિક ઊંડાણનું પ્રેરણાદાયી દર્શન થઈ શકે છે. ભાવાનુવાદમાં તે કેટલે અંશે અભિવ્યક્ત થઈ શક્યું છે તે તો વાચક જ કહી શકે.

આમ છતાંય એટલું જરૂર કહી શકું કે ભાવાનુવાદ કરતાં કરતા જે જીવન તરંગોની ઝણઝણાટીનો અનુભવ થયો છે એ અલૌકિક હતો. અમારા માટે ભાવસંસ્પર્શ એક અણમોલ લ્હાવો હતો.

જે 'આધ્યાત્મિક સંસ્પર્શ'ની અનુભૂતિ થઈ તેનું યતકિંચિત ભાવસંક્રમણ સ્વજનોમાં થઈ શકે એ શુભભાવના અને શ્રદ્ધાથી આ કાવ્યોના ભાવાનુવાદને પ્રકાશિત કરવાનું વિચાર્યું છે. આ અનુવાદને પૂ. દીદીની સ્નેહભીની અનુમતિ મળી તેથી જ તે પ્રકાશિત કરવાની હિંમત થઈ શકી છે. પ્રથમ વિભાગના મૂળ અંગ્રેજીના એકાવન કાવ્યોમાંથી 'વિમલ ઝરણું' પચીસ કાવ્યોના અનુવાદિત ભાવસ્ત્રોતને, અભિવ્યક્ત કરે છે. જ્યારે 'વિમલ નિર્ઝર'માં તેના જ બાકીના છવ્વીસ કાવ્યોના અનુવાદિત ભાવસ્ત્રોતની અભિવ્યક્તિ છે. પૂજય અનુવાદકશ્રીની અણધારી વિદાયે આ કાવ્યગૂચ્છના પ્રકાશનમાં થોડો વિલંબ થયો છે, જેનો રંજ અનુભવું છું, છતાં કાર્ય પૂર્ણ થવાની તૃપ્તિનો આનંદ પણ છે.

'Freindly Communion'ના અન્ય છવ્વીસ કાવ્યોની યાદી પરિશિષ્ટમાં આપી છે.

પૂ. દીદી માટે અત્યંત આભારની લાગણી તથા ભાવભરી વંદના અને સ્વજનો પ્રત્યે સ્નેહભરી શુભેચ્છા વ્યક્ત કરું છું.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# આવકાર

વિમલ ઝરણું ના અનુસંધાનમાં વિમલ નિર્ઝર પ્રકાશિત થાય છે એ ખરેખર આનંદની વાત છે. કેમ કે અનુવાદક સ્વ. શ્રી નિરંજનભાઈ ત્રિવેદીના અચાનક દેહવિલય બાદ પણ તેઓનું સ્વપ્ન આ પુસ્તક રૂપે સાકાર થઈ રહ્યું છે. પૂ. વિમલાતાઈનાં અંગ્રેજી કાવ્યોના ગુજરાતી અનુવાદોમાંથી કેટલાંક વિમલ ઝરણું કાવ્યગુચ્છ રૂપે એપ્રિલ-૨૦૦૩માં પ્રકાશિત થયાં હતાં અને કેટલાંક અપ્રકાશિત કાવ્યો વિમલ નિર્ઝરમાં પ્રકાશિત થઈ રહ્યાં છે. આ પ્રકાશનની ત્વરામાં પૂ. સદ્‌ગુણાબહેનનો પ્રયત્ન ખરેખર પ્રશસ્ય છે.

આ કાવ્યોમાં અનંતતાની યાત્રાના ઉન્મેષ રૂપે જીવન અને મૃત્યુને નિહાળ્યાં છે. જીવનની સહજતા અને પ્રેમ તથા મૃત્યુની નિર્ભયતા અને શાંતિને પામવાનો સચ્ચાઈપૂર્વકનો પ્રયત્ન છે.

છે મૃત્યુના શીતલ પાશમાં
હુંફાળું ચુંબન જિંદગીનું
મૃત્યુની એ મુલાયમ રાખમાં
મીઠી મહેક છૂપી જીવનની.

પ્રકૃતિના તત્વોનો અર્ક- આકાશની વિશાળતા, મહાસાગરોનાં ઊંડાણ, ધરતીની કઠીનતા અને સૂર્યની તેજસ્વિતા, ખડકોનાં શાંત સ્મિત અને સરિતાની શુદ્ધતાને પામવાનો પ્રામાણિક પ્રયાસ આ કાવ્યોમાં જણાય છે.

તાજગી તુષારની છે મુજમાં
પર્વત તણી હું લહેરકી મુક્ત
હું છું સ્મિત નિદ્રાધીન બાળકનું
અજ્ઞાત ફૂલનો હું અર્ક છું
અફાટ અવકાશની હું છું વિશાળતા
અગાધ મહાસાગરનું ઊંડાણ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ સમસ્ત શાશ્વતીના સાનિધ્યમાં જીવનનો લય પ્રાપ્ત થાય છે, મૌનનો અર્થ પ્રાપ્ત થાય છે ત્યારે સરહદને પેલે પાર રહેલા ઝળહળતા પ્રકાશને પામવાનો આનંદ પ્રગટે છે. જીવન-ઝરણનો આસ્વાદ પમાય છે.

જીવન-ઝરણું મેં પીધું છે

પૂર્ણપણે- હા પેટ ભરી બસ પીધું છે.

મૂળ અંગ્રેજી કાવ્યોમાં વ્યક્ત થતો શાંતિ, પ્રેમ અને આનંદનો અનુભવ અનુવાદિત કાવ્યોમાંથી પણ ઉત્તમ રીતે પ્રગટે છે અને શબ્દોના આ વિમલ નિર્ઝર દ્વારા શાશ્વત પ્રેમમય ભૂમિનું દર્શન થતું અનુભવાય છે.

આ ભાવાનુવાદના કાર્ય દરમ્યાન સદ્‌ગત પૂ. પિતાશ્રી નિરંજનભાઈના અંતરતમને પ્રાપ્ત થયેલી પ્રસન્નતાનો અંશતઃ અનુભવ પણ જો ભાવકોને થશે તો આ મરણોત્તર પ્રકાશન સાર્થક ગણાશે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.

**- હેમા શેઠ**

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ

આંતર મનના વ્યાપારોને સમજવા સમજાવવા મનની ઉચ્ચસ્તરીય કક્ષા આવશ્યક છે. જે સત્ત્વશીલ વિચાર મૌક્તિકોને મૂલવી શકે, તેના પાર પામી શકે, પ્રેરણાદાયી બની શકે.

'વિમલ ઝરણું' અને 'વિમલ નિર્ઝર' એક જ માળાના બે ભાગ છે. બંનેમાં ગુંથાયેલાં મોતી મનની સૂક્ષ્મ, ઉચ્ચ સ્તરીય અભિવ્યક્તિ છે, ભાવમય સંસ્પર્શનો સ્ત્રોત છે. ભાવાનુવાદકારના જ શબ્દો ટાંકુ તો "તેનાં ઊંડાણને માપવું કે પામવું અતિકઠિન હોવાથી અહીં તેનું આચમન કરવાનું બીડું ઝડપ્યું છે." વળી લખે છેઃ

"જે કાંઈ જેવું કાંઈ પામી શકાયું છે તેનો ભાવાનુવાદ સ્વરૂપે રજૂ કરવાનો આ નમ્ર પ્રયાસ છે અને તે પણ અલ્પાત્માની મર્યાદાઓની પૂરી સભાનતા સાથે જ"

કવયિત્રી 'વિમલ નિર્ઝર'માં જીવનનું સુંદર સ્વરૂપ રજૂ કરતાં કહે છે-

બુલબુલની જ્યમ ગાન
આજે બસ મારે ગાવું છે,
જીવન છે મુજ આશક મીઠો,
મધુરું સ્મિત રેડીને મુજમાં
નવી તાજગી ભરતો
આશકનું હર મીઠું ચુંબન
મુજમાં ભરતું નવજીવન
જીવન, આશક મુજ પ્રેમાળ*

* આશક મુજ પ્રેમાળ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જીવનનું દર્શન કેવું ભવ્ય છે! જીવનને વર્ણવતા કહે છે :

જીવન તો સરળ છે
જીવન તો શાંતિ છે
જીવન તો છે શાશ્વતતા
જીવન તો સમયાતીત છે
પ્રેમ એ જીવન છે.
ઐક્ય એ જ જીવન+

જીવનનો લય-પ્રેમમય, જીવનઅમૃતનો આસ્વાદ પામ્યા છે. એ આસ્વાદ, એ અમૃત છે*. પ્રેમ છે. પ્રેમ એ જ જીવન. જીવનનું એ ગીત ગાવું-નર્તન્તું-ખેલન્તું-ધબકન્તું-શ્વસતું એવું જીવન•. જીવન એ પ્રેમપૂર્ણ કર્મ-કર્મને જીવી લેવું×.

જીવન એ જ મહાન કર્મ.
પ્રત્યેક પળ છે જાગૃત અને ધ્યાનમગ્ન
તેનાથી વેગળું ન કોઈ જીવન છે.
જીવન એ જ જીવન
અને હું વળી એ જ છું
તમને કેમ સમજાવું
હું ને મારું તો ક્યારનાંય
પીગળી ગયાં છે.

સમગ્ર સૃષ્ટિ પ્રેમસભર દીસે છે. કવયિત્રી નિર્દોષ પ્રકૃત્તિના અંગેઅંગમાં પ્રેમનું દર્શન કરે છે. 'હુ છું તારી સંગાથ' કાવ્યમાં પ્રકૃતિના અંગેઅંગમાં એકરૂપ થઈ પ્રેમ છલકાવી દેવા માંગે છે.

+ જીવન સરળ છે
*જીવન ઝરણું
• વૈશ્વિક જીવન
×શબ્દો રહે જ્યાં અધૂરા-મૌનને જીવનનું ગીત ગાવા દો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હું તે ખડકાળો પર્વત છું
શોત પ્રેમ તુજ પર વરસાવું
હું તે લીલા ગાઢ વૃક્ષ છું.
શાખા હસ્ત થકી પ્રેમ દર્શાવું
હું તે કુણાં મેદાન મુલાયમ
તવ અંતરતમ પ્રેમ જગાવું
હું તે સ્ફટિક સમ શુદ્ધ સરિતા
મમ સવત્વ તુજ પર વારિ થાઉં.
પર્વત કેરી તાજી લહર હું
તુજને પ્રણયગીત હલકે સંભળાવું
પ્રભાવશાળી પૂર્ણચંદ્ર હું
સહસ્ત્ર રશ્મિ બની તુજને ભેટું
તૂમ કદિ ન થાય પ્રેમ જો
તે હું, સહસ્ત્ર રૂપ ધરી, રહું તારી સંગાથ□.

અન્ય એક કાવ્ય 'અકલુષિત પ્રકાશ'માં કહે છે :
શાશ્વત વર્તમાનની ભીતર ધબકે
હુંપણાથી અમલિન પ્રેમ ભાવ
સમગ્ર અસ્તિત્ત્વમાં પ્રાણ પૂરે•

એવો પ્રકાશ જેથી શાશ્વતતાનો ધબકાર સંભળાય-
વૈશ્વિક પ્રેમભાવનો સંસ્પર્શ કરાવે :
બધાથી મુક્ત એવું જીવન-
બધી સરહદોની પેલે પાર, જીવન મૃત્યુની
પેલે પાર શાશ્વતતાના દેશમાં

□ હું તારી સંગાથ
• પ્રેમનો સાદ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જ્યાં માનવતા નૈતિકતાની દિવાલો
શાસ્ત્રોના બંધનો
માનવ તર્કને રૂંધતા
તીવ્ર આવેગો
પવિત્રતાને ગળે ટૂંપો દેતા
સમયના બંધનો
બધાથી દૂર જ્યાં કોઈ બંધન નહીં,
પ્રશ્ન કરે છે : તમે મારી સાથે આવશો?
મુક્ત દુનિયા તણા અદૃશ્ય દ્વાર ખોલી નાંખશો?
સરહદો સૌ વટાવીને શાશ્વતાના એ દેશમાં?
શાશ્વતતાના એ દેશમાં
જીવન-મૃત્યુની પેલે પાર
સરહદો સૌ વટાવીને
મુજ સંગ તમે આવશો*

કવયિત્રીને 'પ્રેમનો સાદ' સંભળાય છે અને એ સાદ સાંભળવા એ સૌ પ્રિયજનોને આહલેક દે છે. શાશ્વત પ્રેમભૂમિ પ્રતિ સમયાતીત પ્રેમમય ભૂમિ પ્રતિ દોરી જવા આતુર છે.

ઓ આવો આવો મમ પ્રિયજનો
થાકેલા તમ આતમને
સુકોમલ કરકમલે પોઢવા દો
આવો જરી આવો તમને
શાશ્વત પ્રેમમય ભૂમિનું
દર્શન જરી કરાવા દોને

* સરહદને પેલે પાર મુજ સંગ આવશો?

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જ્ઞાનની રમત ન છેડશો
તોફાની મન સાથે રમત ના માંડશો
આવો જરા આવો તમને
સમયાનીત પ્રેમમય ભૂમિ પ્રતિ
જરા તમને દોરી જવા દોને

સ્વની ક્ષુદ્રતાના વિચારથી નિરાશ થઈ કવયિત્રી નિસાસો નાખે છે :

હું શુદ્ર છું અને વળી અધૂરી
જીવન તણી જ્યોત ન નિરખીશ કદીએ
હું ઈર્ષાળુ અને વળી અદેખી
જીવન તણી જ્યોત ન નિરખીશ કદીએ
હું અસફળ, અભિમાની, નિરાશાએ ડૂબી
જીવન તણી જ્યોત ન નિરખીશ કદિયે

અને એકાએક પ્રેમની જ્યોત થકી નિસાસો સરી પડે છે :

પ્રકાશ કિરણનો સ્પર્શ
પ્રકાશમય કીધું અંતરતમ
જીવન તણો પ્રકાશ લાધ્યો
જીવન પ્રકાશે પ્રેમની જ્યોત દ્વારા
યુગોના પ્રકાશને પાછો ઠેલ્યો
જીવન પ્રકાશે..... મુજ કેરો ઉત્કર્ષ કર્યો.*

શૂન્યતાની સાત્ત્વિકતામાં વિહરવાનો આનંદ વ્યક્ત કરતાં-

---

*જિંદગીએ મુજ કેરો ઉત્કર્ષ કર્યો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પારદર્શી નમ્રતામાં વણેલું છે
મુજ વસ્ત્ર, પારદર્શી શૂન્યતાનું
આચ્છાદિત નિર્દોષ વસ્ત્રહિન શૂન્યતામાં
વિચરું છું પૃથ્વી પટલે
પ્રચૂર, સમૃદ્ધ મૌનમાં રચાએલું
મારું ગીત આરામદાયી શાંતિમાં
નિર્દોષતાથી પરમ આનંદે
મુજ ગીત ગાતી
હું વિહરું સુધા પર
આદરભર્યા સ્નેહસભર ઉલ્લાસથી
મેં હાથ પસાર્યો, હૂંફાળી મૈત્રી કેરો
નિર્દોષ સ્વાભૂવિક્તાથી, નિર્દોષ ભાવે
હું વિહરું વસુધા પરે+.

●

'બસ થયું, બહુ થયું'

કાવ્યમાં આત્મદીનતા ત્યાગવા માટે સહુને પ્રાર્થના કરે છે. એ દીનતા છોડી અને ધ્યાનથી સાંભળવા-સમજવા આગ્રહ કરે છે. સ્નેહથી ભેટવા કહે છે. મિત્રતા બાંધવા કહે છે, તિરસ્કાર છોડી, ઠૂકરાવી, મિત્રતા બાંધવા આમંત્રે છેઃ

અનેક સદીઓ તમે કેવળ અનુસર્યાં
એ બાલીશતા બસ કરો
મુજ શબ્દ ન કેવળ દોહરાવો
શબ્દો તમે અનેક સદીઓ દોહરાવ્યા

+ શૂન્યતાનું આચ્છાદન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હવે હું કહું છું બહુ થયું
એ પુનરાવર્તન બંધ કરો
સમજો સાચી રીતે મુજને
અહોભાવ ના દર્શાવો
અહોભાવ સદીઓ દર્શાવ્યા
હવે હું કહુ છું બહુ થયું
એ શિશુસમ પૂજા બંધ કરો
ચાહો મુજને સાચી રીતે
પૂજા ના કરશો મુજની
પવિત્ર પુરુષોને સદીઓ પુજયા
હવે હું કહું છું- બહુ થયું
એ અપરિપકવ અધિકૃતતા ત્યાગી દો
ભેટો સ્નેહથી મુજને
ઝૂકીને ઘૂંટણિયે પડવું બંધ કરો
આત્મ દૈન્યનો અંત કરો
મૈત્રી જોડી મુજ સંગાથે
અધિકૃત ગણીના ઠુકરાવો
જાગૃત એવા કંઈક જનોને
અધિકૃત બનાવી સદીઓ ઠુકરાવ્યા
હવે હું કહું છું- બહુ થયું
કઠોર બની ઠુકરાવવાનું બંધ કરો•

જીવનમાં પરિવર્તન લાવવા કહે છે- સ્નેહસભર વર્તવા
કહે છે દિનતા છોડી. આત્મસન્માનથી મિત્રભાવે જીવવા કહે

• બસ થયું, બહુ થયું

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે-સૌને સ્નેહપૂર્વક મુક્તિની ખુમારીથી જીવવા કહે છે : જીવો અને જીવવા દો

કાવ્યનું મથાળું "બસ થયું, બહુ થયું" જ કવયિત્રીની મનની સ્થિતિ પ્રગટ કરે છે-

આખરે પાવન નગાધિરાજ હિમાલયના આદરને ઉવેખી આજે માનવ પ્રકૃતિ પર આધિપત્ય સ્થાપવા નીકળી પડ્યો છે. કવયિત્રી કહે છે : માનવમતિ બગડી છે. વિજ્ઞાન શક્તિના દુરુપયોગે વિનાશ નોતર્યો છે.

કિંતુ માનવ મતિ આજ ફરી ગઈ છે
તેને સઘળું જીતવું છે
પવધ પોતિકા કરવા છે
ખીણાં પર સ્થાપવું અધિપત્ય,
નદીઓ તણું કરવું છે નિયંત્રણ
અને મહાસાગર પર સત્તા
આકાશના માલિક બનીને
અવકાશ પર રાજ જમાવવું છે
નશો ચડ્યો છે વિજ્ઞાન શક્તિનો
હિમાલય પર તે ઉતર્યો છે×

હિમાલયને યુદ્ધભૂમિ બન્યો છે.એને કરૂણા ઉપજે છે હિમાલયના મૌતમાં પડકાર સંભળાય છે સમગ્ર માનવજાતને હિમાલય પડકારે છે.પ્રશ્ન પૂછે છે સત્ય સમજવા કહે છે-

જીવનને મુડીવાદી કે સામ્યવાદી સમજવાની ભૂલ ન કરીશ. ભૂમિ કોઈની નથી. યુદ્ધ તેનો ઉપાય નથી- હવે તો આ સત્ય સમજવું જ રહ્યું :

×ઘૂઘવાતો હિમાલય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

માનવ પ્રતિ દર્શાવે કરુણા ઊંડી
કરે પડકાર મૌનથી
સમગ્ર માનવજાત તણો પડકાર
જવાબ તો દેવા પડશે,
આજે નહિં તો ક્યારેય નહીં
હવે ઊઠો જાગો, સમય ગયો સારો પાકી
ગુમાવીને આજ તો સમજો ભાવિ ગયું ડૂબી×

●

શાશ્વત સમયના બાળક તરીકે
અહં વિનાની આકૃતિને તાદૃશ કરતાં
અગણિત યુગોમાં હું ચાલતો રહ્યો
મારી છે ન કોઈ ઉંમર
કાળના પ્રવાહમાં અહં વિનાની આકૃતિને
વાસ્તવમાં આગળને આગળ ધપે રહ્યો
શિશુ નમ્ર, ભોમિયા વિના
નથી પસંદગી જેમાં
એવી સરળતામાં રમતો રહ્યો
શૂન્યતાના અવકાશહીન મોજાં સમો
સમયહિન દિવ્યતામાં વિલીન થતો રહ્યો
કારુણ્યની, ક્રૂમહિન કો જ્યોત સમ
શોકવિહીન, પરમ શાંતિમાં પીગળી રહ્યો.*

એમ પ્રસ્તુત કાવ્યગુચ્છમાં[૪] અને વૈવિધ્યપૂર્ણ જીવનનું ગીત ગાઈ, તેની મહેક પ્રસારી, માનવમાત્રને હૃદયપદ્મની શબ્દપાંખડીની ભેટ ધરી, ધન્યતા અનુભવે છે-

×ઘૂઘવાતો હિમાલય
*બાળક, મારી ન કોઈ ઉંમર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સરળ, શાંત, સ્વાભાવિક જીવનમાં સદ્‌ગુણોની ઊંચાઈને આંબવાનું તેમના આંતરમનનું ઊંડાણ સત્ત્વશીલ વિચાર મૌક્તિકોનો ભંડાર છે, જે વાચકને પ્રેરણા પૂરી પાડે છે.

પૂ. સાહેબની અણધારી વિદાયે 'વિમલ નિર્ઝર'ની 'પ્રસ્તાવના' લખવાની જવાબદારી અદા કરવાની આવી. 'વિમલનિર્ઝર'ના કાવ્યનો ભાવાનુવાદનો આસ્વાદ કરી ધન્યતા અનુભવું છું.

પૂ. સાહેબે લખ્યું છે તેમ "જેનો ભાવાનુવાદ કરવાનો અત્રે નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમાં અનંતતાની યાત્રાની જ પ્રસ્તુતિ છે. એ યાત્રાનાં વિવિધ સોપાનોનું જ આ કાવ્યોમાં નિરુપણ છે. આ ભાવાનુવાદમાં જો કાંઈ તરી આવતું હોય તો તે આંતર વિકાસનું જ મનોવૈજ્ઞાનિક નિદર્શન."

'વિમલ નિર્ઝર' એ ખરે જ પાવનકારી નિર્ઝરા છે.

વાચકની આંતરિક સત્ત્વશીલતાની કક્ષા પ્રમાણે તે પ્રેરણાદાયી બનશે. એ નિર્વિવાદ છે.

પૂજ્ય દીદીના આર્શીવાદથી જ આ લખવાની હિંમત કરી છે, જેને દીદી દરગુજર કરશે.

-સદ્‌ગુણા ત્રિવેદી

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## આશક મુજ પ્રેમાળ

બુલબુલની જયમ ગાન,
આજે બસ મારે ગાવું છે,
પૃથ્વીથી ઉપર જઈને.

વસંત જ્યારે મીઠું મલકે,
મારે તો આજે ગાવું છે,
જયમ કોયલ કો મીઠું ટહૂકે.

મારે ગાવું છે આજે,
હૃદય મુજ સ્નેહે છલકે,
પ્રેમ તણું કો ગીત.

જીવન છે મુજ આશક મીઠો,
મધુરું સ્મિત રેડીને મુજમાં,
નવી તાજગી ભરતો.

આશકનું હર મીઠું ચુંબન,
મુજમાં ભરતું એ નવજીવન,
જીવન, આશક મુજ પ્રેમાળ.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# શૂન્ય તણું સૌંદર્ય

બે વિચારોની અધવચ્ચે,
એવું કાંઈક બન્યું અજબ,
શૂન્યતા-નરી શૂન્યતા તણું
સૌંદર્ય ઝળકી ઊઠ્યું.

તેના એ ગતિશીલ મૌન થકી
એકાએક ઠલવાઈ ગઈ
સમૂળી સભાન ચેતના.

શેષ બચ્યો એક પ્રબળ આવેગ,
બચી રહી જે નિર્દોષ તથતા
તે પર, પૂર્ણપણે પથરાઈ ગયો.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## અવકાશ સમી રિક્તતા

અવકાશ જયમ હું રિક્ત છું.
મુજને કોણ શકે પામી ?

આકાશ સમ હું વિશાળ છું.
મુજને કોણ શકે બાંધી ?

મહાસાગર જયમ મમ ઊંડાણ છે.
મુજ ઊંડાણ કોણ કળી શકે ?

ધરતી જયમ હું કઠિન કઠોર.
મુજ સંગ કોણ લડી શકે ?

સૂર્ય સમ હું અતિ તેજસ્વી.
મુજને કોણ શકે ઢાંકી ?

મૃત્યુ જયમ હું નિર્ભય છું.
મુજની અવગણના કોણ કરે ?

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# હું છું તારી સંગાથ

હું તે ખડકાળો પર્વત છું,
શાંત સ્મિત તુજ પર વરસાવું.

હું તે લીલાં ગાઢ વૃક્ષ છું,
શાખાહસ્ત થકી પ્રેમ દર્શાવું.

હું તે કુણા મેદાન મુલાયમ,
તવ અંતરતમ પ્રેમ જગાવું.

હું તે સ્ફટિક સમ શુદ્ધ સરિતા,
મમ સ્વત્વ તુજ પર વારી જાઉં.

પર્વત કેરી તાજી લહર હું,
તુજને પ્રણયગીત હલકે સંભળાવું!

પ્રભાવશાળી પૂર્ણચંદ્ર હું,
સહસ્ત્ર રશ્મિ બની તુજને ભેટું.

તૃપ્ત કદી ન થાય પ્રેમ જે,
તે હું, સહસ્ત્રરૂપ ધરી, રહું તારી સંગાથ.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# જીવનનો લય

જિંદગીને હું માણું છું.
વિચારો ક્યાંથી મુજને પકડે!

જીવન સાથે હું પલટાવું.
આદર્શો મુજને કેમ સમાવે!

જીવન મમ શ્વાસે ઉચ્છવાસે.
જ્ઞાન મને ક્યમ જકડી શકે!

જીવનનો લય જો હું છું.
સમય મને ક્યમ બાંધી શકે!

જીવન તણી હું મહેક છું.
દ્વૈત મને કેમ પકડી શકે!

જીવન સાથે હું એકાકાર.
મૃત્યુ મને ના મારી શકે!

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# વૈશ્વિક જીવન

ન હું સ્ત્રી કે પુરુષ છું
બન્નેમાં શ્વસતું હું જીવન છું.

ન હું પદાર્થ કે ભાવ
બન્નેમાં ધબકતું હું જીવન છું.

ન હું જીવન કે મૃત્યુ
બન્નેમાં જીવતું હું જીવન છું.

ન હું તથ્ય કે અમૃત
બન્નેની ભીતરમાં હું ધબકું.

ન હું આલોક કે અંધકાર
બન્નેમાં નર્તન્તું હું જીવન છું.

ન હું સમય કે અવકાશ
બન્ને સાથે ખેલન્તું એવું જીવન છું.

હું અહીં છું, ત્યાં છું સર્વત્ર
અરે! હું તો જીવન વૈશ્વિક છું.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## ન કોઈ યુગનો મુજ પર કોઈ હક્ક

જીવનમાં મુજને રસ તીવ્ર જાગે.
જીવનથી મુજ ધ્યાનને, કોઈ ના વાળી શકે.

માનવ પ્રતિ છે પ્રગાઢ સ્નેહ.
ન કોઈ ફર્ક કે ભેદભાવ, મુજને ખાળી શકે.

મુક્તિ તણી, ભાવના તીવ્ર
મુજને એવી ઘેરી વળે.
ન કોઈ ધર્મ કે નીતિશાસ્ત્ર, સહજ એ રૂંધી શકે.

વસુધા આવાસ છે મુજનો
વિશાળ નભ છે, મુજ આવાસ.
ન કોઈ રાજ્ય કે ન કોઈ પ્રજા,
મુજને પોતીકો બનાવી દે.

ઉત્ક્રાંતિ જે બ્રહ્માંડની
તે તણી હું મહેક છું.
ન કોઈ ખ્યાલ, જાતિ, કે યુગ
મુજ પર કોઈ હક્ક જમાવી શકે.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# બધુંયે બદલાઈ ગયું

અંતરતમ પરિવર્તન આવ્યું,
આસપાસ બધું બદલાયું.
વર્ષોનો ભાર તો વહ્યો ગયો
પાંડિત્યનો ભાર, ગયો પીગળી.
નથી તણાવ કોઈ હુંપણાનો હવે
કે નથી કોઈ ખેંચ સ્વ પરત્વે.

સત્યના અચાનક આ આક્રમણથી
પ્રેમે કર્યો પરાસ્ત અચાનક.
વાસ્તવદર્શન દ્વારા હળવેથી
નવઘડતર મુજનું થયું છે.
પુનર્ઘડતર મુજ અંતરતમનું,
સૌંદર્યે સહજ કીધું.
અજ્ઞાતપણે મૌને મહાત કર્યો,
પરમશાંતિએ (અણજાણ) મુજને કેદ કર્યો.

તાજગી તુષારની છે મુજમાં.
પર્વતતણી હું લહેરકી મુક્ત.
હું છું સ્મિત નિદ્રાધીન બાળકનું.
અજ્ઞાત ફૂલનો હું અર્ક છું.
અફાટ અવકાશની હું છું વિશાળતા.
અગાધ મહાસાગરનું ઊંડાણ અસીમ.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# મુજને તો એ સહેવા દે

હે મિત્ર! શીદને તું કહે છે
શબ્દો મુજ કો કાને ન ધરે.
લોકો તણી પાશવી એ ઉપેક્ષા
એ જ તો છે મુજ પવિત્ર વધસ્થંભ.
મુજને ધીરજથી તે સહેવા દે.

હે મિત્ર! શીદને તું કહે છે
હસીને તેઓ મુજની કરે ઠેકડી.
કહેવાતા દુનિયાના ડાહ્યાની
ઉપેક્ષા તો છે મુજ પવિત્ર વધસ્થંભ,
મુજને સ્વસ્થ મને તે સહેવા દે.

હે મિત્ર, શીદને તું કહે છે.
મુજ નિષ્ઠા પ્રતિ તેઓ સાશંક રહે.
પોથી-પંડિતોની કટુદૃષ્ટિ તો
મુજનો છે વધસ્થંભ અણમોલ.
મુજને પરમ શાંતિથી સહેવા દે.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# જિંદગીએ મુજ કેરો ઉત્કર્ષ કર્યો

મનની બારીએ બેઠી
જીવન પ્રતિ, મૌન રહી વિચારતી.
વિચારપૂર્વક નિશ્વાસ નાખ્યો-
હું શુદ્ર છું અને વળી અધૂરી
જીવનતણી જ્યોત ન નીરખીશ કદીએ.

શોકપૂર્વક નિશ્વાસ નાખ્યો-
હું ઈર્ષ્યાળુ અને વળી અદેખી
જીવનતણી જ્યોત ન નીરખીશ કદીએ.

નિરાશામાં ડૂબી વિચારતી-
હું અસફળ અને વળી અભિમાની
જીવન તણી જ્યોત ન નીરખીશ કદીએ.

આમ ઊંડાણથી વિચારતી ત્યાં તો
બારી વાટે કીધું ડોકિયું.
મરકતા પ્રકાશ કિરણે

આરપાર વીંધી મુજને,
પૂરું પ્રકાશમય કીધું અંતરતમ-
જીવનતણો પ્રકાશ લાધ્યો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જીવનપ્રકાશે પ્રેમની જ્યોત દ્વારા
યુગોના અંધકારને પાછો ઠેલ્યો,
હવે કોઈ ન રહ્યો વિચાર કે કોઈ ધ્યાનમગ્નતા

શોકાશ્રુ તો ક્યાંયે ભાગી છૂટ્યાં
જીવનપ્રકાશે, મુજને કીધી પોતિકી
આવી તેં, આશિષ દઈ, મુજ કેરો ઉત્કર્ષ કર્યો.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# રસ્તો મારગ વિનાનો

મુજ રસ્તે જવ હું ચાલી,
હતી તહીં હું સાવ અટુલી.
મુજ પથ નવીન, મારગ વિનાનો,
જે રસ્તે ન કદી કોઈ ચાલ્યું,
મુજ સાથે તેનો પ્રાદુર્ભાવ થયો.
મારા થકી તે કંડારાઈ.

મારગ ચાલું સાવ એકલી
કેવળ મારગ છે એક સાથી.
મારો સાથી શાંત સથવારો
ના તે પ્રેરે ઉત્સાહ, ના
કરે કદીએ હતાશ મુજને.
સ્નેહ અને હૂંફ હૈયા તણી
અનુભવે કેવળ ચરણ રક્તરંજીત.

મારો પથ દીસે નવ ખૂટતો
મંઝિલે નથી પહોંચી,
પણ જુઓ એ વળાંક લેતો
કિંતુ મમ પછવાડી, નિશાન
ન દીસે કો પદચિહ્નનું
કે ન દીસે તહીં કોઈ માર્ગ.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# જીવનઝરણું

જીવનરઝરણું મેં પીધું છે
પૂર્ણ પણે- હા પેટ ભરી બસ પીધું છે.
હવે મને તરસ શાની!

જીવનઅમૃત મેં આસ્વાદ્યું છે.
પૂર્ણપણે હા પેટભરી આસ્વાદ્યું છે,
હવે મને ક્ષુધા કેવી!

કાળે, મુજને હળવેકથી હા,
અનંતનું ગીત સુણાવ્યું છે.
હવે મુજને થાક કેવો!

જીવને, મુજને હળવેથી હા
મૃત્યુનું રહસ્ય સમજાવ્યું છે.
હવે ભય મને શાનો!

પૃથ્વી તણો પ્રત્યેક ખુણો
પ્રેમ થકી ઝળહળ પ્રગટ્યો,
હવે હું એકાકી શાનો?

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# શૂન્યતાનું આચ્છાદન

પારદર્શી નમ્રતામાં વણેલું છે,
મુજ વસ્ત્ર, પારદર્શી શૂન્યતાનું
આચ્છાદિત નિર્દોષ વસ્ત્રહિન શૂન્યતામાં
વિચરું હું પૃથ્વી પટલે.

પ્રચૂર, સમૃદ્ધ મૌનમાં, રચાયેલું છે,
મારું ગીત આરામદાયી શાંતિમાં,
નિર્દોષતાથી પરમઆનંદે, મુજ ગીત ગાતી
હું વિહરું વસુધા પરે.

આદરભર્યા સ્નેહસભર ઉલ્લાસથી
મેં હાથ પ્રસાર્યો, હુંફાળી મૈત્રી કેરો
નિર્દોષ સ્વાભાવિકતાથી, સરળભાવે,
હું વિહરું વસુધા પરે.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# બસ થયું-બહુ થયું

કેવળ ના અનુસરો
મુજ સાથ ચાલો
અનેક સદીઓ તમે કેવળ અનુસર્યા
હવે હું કહું છું- બહુ થયું
એ બાલીશતા બસ કરો.

ધ્યાનથી સાંભળો મુજને
મુજ શબ્દ ન કેવળ દોહરાવો.
શબ્દો તમે અનેક સદીઓ દોહરાવ્યા
હવે હું કહું છું- બહુ થયું
એ પુનરાવર્તન બંધ કરો.

સમજો સાચી રીતે મુજને,
અહોભાવ ના દર્શાવો,
અહોભાવ સદીઓ દર્શાવ્યો
હવે હું કહું છું- બહુ થયું
એ શિશુસમ પૂજા બંધ કરો.

ચાહો મુજને સાચી રીતે,
પૂજા ના કરશો મુજની.
પવિત્ર પુરુષોને સદીઓ પૂજ્યા
હવે હું કહું છું- બહુ થયું
એ અપરિપક્વ અધિકૃતતા ત્યાગી દો.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ભેટો સ્નેહથી મુજને,
ઝૂકીને-ઘૂટણિયે પડવું બંધ કરો.
અનેક સદીઓ સુધી ઝૂકીને-ઘૂંટણીએ પડતા રહ્યા
હવે હું કહું છુ બહુ થયું
આત્મદૈન્યનો અંત કરો.

મૈત્રી જોડો મુજ સંગાથે,
અધિકૃત ગણી ના ઠુકરાવો.
જાગૃત એવા કાંઈક જનોને
અધિકૃત બનાવી સદીઓ ઠુકરાવ્યા.
હવે હું કહું છુ- બહુ થયું
કઠોર બની ઠુકરાવવાનું બંધ કરો.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## સરહદને પેલે પાર- મુજ સંગ આવશો

સરહદોને પેલે પાર
શું મુજ સંગ આવશો?
એક નવી દુનિયા વીરત્વની
જ્યાં સરહદો કોઈ નડતી નથી.

જેલ તણા તોતીંગ દરવાજા
મુજ સંગ તમે શું તોડશો?
સલામતીના ઓઠા હેઠળ
સમાજરૂપી કલ્પન કાજે,
જે દરવાજા રક્ષાઈ રહ્યા.

જરીપુરાણી નૈતિકતાની દિવાલો,
મુજ સંગાથે ભાંગીને ભુક્કો કરશો ?
માનવમનને ઘાટ આપવા ઝંખતી
કિંતુ અમ જીવનને કુંઠિત કરતી એ દિવાલો.

શાસ્ત્રો સઘળાં અને અધિકૃત થોથાં
મુજ સંગ તમે શું બાળશો?
માનવ તર્કને રુંધી દેતાં, એ થોથાં
તીવ્ર આવેગ પવિત્ર તે, ગળે ટૂંપો દેતા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મુજ સંગ કૂદશો
ઊંડા અજ્ઞાત અંધારે?
સમય જ્યાં નહીં ફડફડતો
કે અવકાશ નહીં ઘેરી વળતું.

મુજ સંગ તમે ખોલી નાખશો
મુક્ત દુનિયાતણાં અદશ્ય દ્વારો?
જ્યાં મનને ના કોઈ સીમા નડતી
કે યાદો આપણને ના બાંધતી.

મુજ સંગ તમે આવશો
શાશ્વતતાના એ દેશમાં ?
જીવન-મૃત્યુની પેલે પાર
સરહદો સૌ વટાવીને.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## અક્લુષિત પ્રકાશ

અંધકારથી અમલિન એ પ્રકાશ
તથતાને પીગળાવતો.

નિદ્રાથી અસ્પર્શિત જાગૃતિ
સમગ્ર ચેતનાને ઝણઝણાવતી.

દ્વૈતથી અદુષિત એ સંસ્પર્શ
શાશ્વત વર્તમાનની ભીતર ધબકે.

હુંપણાથી અમલિન પ્રેમભાવ
સમગ્ર અસ્તિત્ત્વમાં પ્રાણ પૂરે.

જીવનમૃત્યુ થકી ના જડેલો
ઘેરા વાચાળ મૌનની
ભીતરમાં સ્મિત વેરતો.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# શરમીલું મૌન

શર્મીલું મૌન માનવહૈયે
પોતાને સુદૂર છુપાવતું એવું ઊંડે,
જ્યાં વિચાર ના પહોંચી શકે.
ઊર્મિ ના સ્પર્શી શકે.
મૌન ભારે શરમીલું
શયતાની સમયને ખૂબીથી ટાળતું.
લુચ્ચી યાદોને યુક્તિથી ખાળતું.
માનવશોધથી પાર જઈને
કલ્પનાની પાર પહોંચતું.
શરમીલું મૌન
ન ખીલી ઊઠશે
જો તમે તેમ કરવા કહો.
યા ન કદાપિ વિકસશે
જો તમે તેમ આજ્ઞા કરો.
પણ હા જરૂર મલકી ઊઠશે
શરમીલું મૌન, (નિર્મળ) પ્રેમ પામતાં.
તેની સેવામાં હાજર તેવા
સાથે, જરૂર બોલશે.

શરમીલું મૌન, અતિ વાચાળ, મન જો શાંત બને,
પણ જો તેમ બને ના તો મૌન અતિ શરમીલું.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# પ્રેમનો સાદ

ઊઠો જાગો, એ પ્રમાદીજનો
ઘેરી અવિદ્યા નિદ્રાથી જાગો !
દૂર સંભળાય, દૂર સ્પષ્ટ ગૂંજે
ઝંખતા ક્યારના, જે સાદ પ્રેમનો.

એ આવો આવો મમ પ્રિયજનો
થાકેલા તમ આતમને,
સુકોમલ, કરકમલે પોઢવા દો.

એ આવો આવો હે ખોવાયેલાઓ
શબ્દોની ખીણથી પાર
હળવેથી આવો
વિચારઝરણને ત્વરિત ઉલ્લંઘો
આવો, જરી આવો તમને
શાશ્વત પ્રેમમય ભૂમિનું
દર્શન જરી કરાવા દો ને

આવો, આવો એ મમ ગાંડીયાઓ
જ્ઞાનની રમત ના છેડશો,
તોફાની મન સાથે રમત ના માંડશો
આવો જરી આવો તમને

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સમયાતીત પ્રેમમય ભૂમિ પ્રતિ
જરા તમને દોરી જવા દો ને.

એ આવો આવો, ઉચ્છૃંખલ મુજ બાળકો
ધર્મ ધુમાડે ન રાચશો,
આત્માના છળમાં ન ખેલશો,
આવો, જરી આવો તમને
મનરહિત પ્રેમમય ભૂમિ પ્રતિ,
તમને દોરી જવા દો ને.

આ પ્રમાણે પ્રેમ પુકારે
વારંવાર ખરે પુકારે
જાગૃત અને સાંભળનાર લોકને.
એકવાર હળવેકથી મુજને કહ્યું
અને મને ખ્યાલ આવ્યો તમારો.

જાગૃત થાઓ, હું કહું છું જાગો
ઊઠો, મંદ પડે તે સાદ પહેલાં,
જો જો, આશક, મુખ ફેરવી ન લે.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# મૃત્યુ - મન કેરું મૃત્યુ

મૃત્યુ એ જીવનનું ચુંબન
મૃત્યુ ન શરીરનું, કિંતુ મનનું
મન બંધન સર્જે પોતાનું
મુક્તિ પોતાની શોધી લે.

મન લુપ્ત થતું હળવેથી
શાંતિ જો પ્રસરે,
બહાર અને વળી અંદરથી.

મન શાંતિથી જાય ખસી
શાંતિ જો પ્રસરે,
બહાર અને વળી અંદરથી.

પીગળી જાયે મન સલુકાઈથી
જો આવેગ પ્રબળ બની ઝળકે
બહાર અને વળી અંદરથી.

છે મૃત્યુના શીતલ પાશમાં
હુંફાળું ચુંબન જિંદગીનું.
મૃત્યુની એ મુલાયમ રાખમાં
મીઠી મહેક છૂપી જીવનની.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# બક્ષિસ

ગીત ગાવા આવ્યો જીવનનું,
ન જાણું કેમ શીખવવું.

જીવન વૈવિધ્યને આવ્યો હું ચાહવા,
ન જાણું કેમ ઉપદેશવું.

જીવવા નીકળ્યો તન-મન દુરસ્ત જીવન,,
ન જાણું માર્ગદર્શન કરવું.

મહેક માણવા આવ્યો જીવનની,
મુજ પાસ કોઈ સંદેશ નથી.

મમ હૃદયપદ્મની આ શબ્દો છે પાંખડી,
એ જ આપને, જાણજો, ભેટ મારી.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## શબ્દો રહે જ્યાં અધૂરા - મૌનને જીવનનું ગીત ગાવા દો

મિત્રો મુજને પૂછે છે લાગણીથી
શું હું કરવા ધારું છું,
શું છે! કેવી સ્થિતિ અવસ્થા
જે હું જીવી રહી છું.

તેમને કેમ સમજાવું!
જીવન એ જ મહાન કર્મ
પ્રત્યેક પળ છે જાગ્રત અને ધ્યાન મગ્ન
તેનાથી વેગળું ન કોઈ જીવન છે,
જીવન એ જ જીવન
અને હું વળી એ જ છું.

તેમને કેમ કરી સમજાવું
હું ને મારું તો ક્યારનાંય
પીગળી ગયાં છે જીવન કેરી ભડભડતી જ્યોતમાં,
હવે સ્થિતિ-અવસ્થા-એ વળી શું!
ક્યાં છે કોઈ ઈચ્છુક,
કે ક્યાં છે કોઈ ઈરાદો!

કહેવા દો જીવનને વાત તેની,
મૌનને ગીત ગાવા દો જીવનતણું,
(આશા રાખું!) શાયદ! મિત્રો તે સાંભળી, સમજી શકે.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## ઘર પ્રતિ

દિન વીતી ગયા એ
પ્રેમાળ સહવાસના,
આલિંગનો વિસરાઈ ગયાં
સ્નેહાળ સાથીદારનાં
દિવસ તો વીતી ગયો;
અંધકારે ઊભરાઈ ક્ષિતિજો.
રાત્રિ કેરી નિરવ શાંતિમાં
જિંદગી ઠીંગરાઈ ગઈ.
સમય પીછીએ આ જીવનમાં
અંધાર-વિશાદ છવાઈ ગયો.
દિવસો ભારે શોકપૂર્ણ
એકલતાના ભારે રાત્રિઓ ભેંકાર બની.
ન સારેલાં અશ્રુ થકી,
હૃદય મુજ ભીંજાઈ ગયું
આંખો ફરકે, પગ તો ધ્રુજે,
શોકનો ભાર અસહ્ય થાતાં.
વિશાદના આ ઝંઝાવાતે
હું જાણે ખેંચાઈ રહ્યો.
ઘર પ્રતિ પાછો ફરવા ચાહું
કિંતુ રાહથી અણજાણ છું.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# દ્વન્દ્વોનું ચક્ર

દ્વન્દ્વોના ચક્ર વડે, જીવન સતત કચડાઈ રહ્યું
શાશ્વત ચક્રની ભવ્યતાએ, અકળ લોક મોહી રહ્યા,
જીવન કેરા સૂર મંદ પ્રતિ, ધ્યાન ન કોઈ જરી દેતું.

ધીરજ એવી ન કોઈ પાસ, જીવનસાદ, સૂણવાને કાજ
શક્તિ ક્ષીણ થવા છતાંયે, શક્તિ કરી એકઠી
મંદ અવાજ મોટો કર્યો, દુઃખપૂર્ણ નજર મુજ પર કરી

પળભર થોભ, થોભીશને!
સાંભળ ઘડીક-સાંભળીશને!
થોભ્યો અને વળી, સાંભળ્યું ધ્યાનથી
અને જીવને કહ્યું- હળવેકથી-

માનવ શું પૂરતું ખેલ્યો નથી, ચક્રોના દ્વન્દ્વો મહીં
પૂરતી યાત્રા કીધી ના માનવે!
ચેતન જડ, જડચેતન વચ્ચે!
પાપ ને પુન્ય, પુન્ય ને પાપ જોડે
માનવ ન ગળાડૂબ રહ્યો!

સંવેદના મનની ને તનની, તેમાં ન પૂરતો ફંગોળાયો!
મૃત્યુની આડ લઈને, શું-જીવનથી ન પૂરતું ભાગ્યો!
અને મૃત્યુને શત્રુ માની, જીવનને પૂરતું ન ચીટકી રહ્યો!

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## બાળક-મારી ન કોઈ ઉંમર

શાશ્વત સમયનું બાળક હું
અગણિત યુગોમાં હું ચાલતો રહ્યો
મારી છે ન કોઈ ઉંમર.

કાળના પ્રવાહમાં, અહં વિનાની આકૃતિસમ
વાસ્તવમાં આગળ ને આગળ ધપે રહ્યો.

શિશુ નમ્રં, ભોમિયા વિના
નથી પસંદગી જેમાં
એવી સરળતામાં રમતો રહ્યો.

શૂન્યતાના, અવકાશહીન મોજાં સમો
સમયહિન દિવ્યતામાં વિલીન થતો રહ્યો.

કારૂણ્યની, ધૂમ્રહિન કો જ્યોત સમ
શોકવિહીન, પરમ શાંતિમાં પીગળી રહ્યો.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## જીવન સરળ છે

ક્યાંયે તે સાચી શાંતિ પામ્યો?
ક્યાંયે સાચો પ્રેમ કે સ્થિરતાયે?
ક્યાંયે બન્યો જીવંત સાચે?

ના ને! હું જાણું છું- નથી પામ્યો,
તો પછી-પાછો કાં ન વળે જીવનની ભીતરમાં ?

જીવન તો સરળ છે.
પાછો વળ ભ્રામક સંકુલતાથી.
જીવન તો શાંતિ છે.
પાછો વળ, સાશંક સંઘર્ષથી
જીવન તો સરળ છે.
પાછો વળ, સ્વરચિત પાપ ને પુન્યથી.
જીવન તો છે શાશ્વતતા
પાછો વળ, ભૂત-ભાવિના સ્વપ્નથી.
જીવન તો સમયાતીત છે.
પાછો વળ, વિઘટનના ભયથી.
પ્રેમ એ જીવન છે
પાછો વળ, સ્વપ્રક્ષેપિત, પાપ કે ગુન્હાથી.
ઐક્ય એ જ જીવન
પાછો વળ દ્વન્દ્વની ધૂરાથી.

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

# ઘૂઘવાતો હિમાલય

હિમાચ્છાદિત શિખરો નગાધિરાજનાં
છે પરમ સુખમય શાંતિથી ઊભા.
સાક્ષી તેની સદીઓ પર સદીઓ
શાંતિનું એ ધામ હિમાલય.
પૃથ્વીના ખૂણેખૂણેથી
યુવાન ને વળી વૃદ્ધોએ
કર્યું આરોહણ પૂરા આદરથી.
શાંતિ કે શુદ્ધિ ન જરી ઉવેખી
તેમજ અભિવૃદ્ધિ શોભામાં અવશ્ય કરી.
કિંતુ માનવમતિ આજ ફરી ગઈ છે.
તેને સઘળું જીતવું છે-
પર્વત પોતિકા કરવા છે.
ખીણો પર સ્થાપવું આધિપત્ય,
નદીઓ તણું કરવું છે નિયંત્રણ,
અને મહાસાગર પર સત્તા,
આકાશના માલિક બનીને
અવકાશ પર રાજ જમાવવું છે.
નશો ચડ્યો છે વિજ્ઞાનશક્તિનો
નશો ચડ્યો છે સમજશક્તિનો
હિમાલય પર તે ઉતર્યો છે,
તેની આ ઘેલછા વિચિત્ર છે,
જેથી પર્વત પણ ઘૂઘવાયો છે
ફૂટે બંદૂકો, ખખડતી ટેકો
પર્વત ઢોળાવે, રક્તસ્રોતો વહી રહ્યા છે.
જેઓ ઢળી પડે કે મૃત્યુ પામે, કોને છે તેની પરવા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મૃતકો તો થીજી ગયા છે,
બરફ નીચે ઢંકાઈ પડ્યા છે.
ઉત્તરથી ઉતર્યા આક્રમકો,
ને દક્ષિણથી ધસી આવ્યા પ્રતિકારકો.
પરસ્પર ગોળીઓ છોડી,
લોહી એકબીજાનું રેડે.
ચક્રવાત જયમ ધૂમ્ર ઊઠે છે,
જ્વાલા ચડે ઉપર ને ઉપર કૂદકે ને ભૂસ્કે,
વિલાપ કરે ઉત્તરનો શીત વાયુ.
આક્રન્દ કરે છે દયાજનક
પર્વતના ઘૂઘવાતા ઢાળો.
શાંતિને મૌનનો રખવાળ પુરાણો
શિખરો ઊંચા અડે આભલાને.
માનવ પ્રતિ દર્શાવે કરુણા ઊંડી કરે પડકાર મૌનથી.
સમગ્ર માનવજાત ને પડકાર.
જવાબ તો દેવા પડશે, આજે નહીં તો ક્યારેય નહીં.
હવે ઊઠો જાગો, સમય ગયો સારો પાકી
ગુમાવી જો આજ, તો સમજો ભાવિ ગયું ડૂબી
પ્રશ્ન પૂછે માવનજાતને હિમાલય-
સરળ સત્ય ક્યારે સમજીશ-
વેર થકી શમે ના વેર ક્યારેય ?
યુદ્ધો થકી ના ઉકલે સમસ્યા ?
સરળ સત્ય ક્યારે સમજીશ-
પૃથ્વી ન છે ચીનની કે હિંદની ?
સરળ સત્તા ક્યારે સમજીશ-
જીવન એ નથી મૂડીવાદી કે સામ્યવાદી !

●●●

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

## Titles of 26 Poems Originally in English from Friendly Communion by Vimla Thakar

1. My Beloved
2. The Beauty Of Nothingness
3. Empty As Space
4. I Am With You
5. The Rhythm Of Life
6. The Life Universal
7. No Age Can Claim Me
8. Everything Is Changed
9. Let Me Carry It
10. Life Raised Me
11. The Pathless Way
12. The Fountain Of Life
13. Attire Of Nothingness
14. Enough Of It
15. Beyond All Frontiers
16. An Unsoiled Light
17. Silence Is Shy
18. The Call Of Love
19. Death
20. The Gift
21. Words Fail Me
22. Homeward Bound
23. The Wheel Of Opposites
24. An Ageless Child
25. Life Is Simple
26. The Smouldering Himalayas

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

**નિરંજન ત્રિવેદી**
નિવૃત્ત આચાર્ય,
પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન

*પરમ તત્ત્વને પ્રાર્થું,*
*તવ પુનિત ચરણે*
*મમ પ્રાણનાથ*
*આનંદે વિચરે.*
*– સદ્‌ગુણા ત્રિવેદી*

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai



શિવકુલ (ડલહાઉસી)નાં સાન્નિધ્યે....